# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ૩-, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

Phone No: (0261) 2662902, Email:*suratdeo@gmail.com*, *Web –suratdeo.org*

જા.ક્ર.- મા-૧/૨૦૨૫/1272-1276 તા05/૦૨/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

**વિષય:** ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ પરીક્ષા અન્વયે તા.૦૩/૦૨/૨૦૨૫ના રોજ માન. કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને પરીક્ષા સમિતિની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ મોકલવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમિયાન, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા.૧૪/૦૨/૨૦૨૫ દરમિયાન અને ગુજકેટ પરીક્ષા-૨૦૨૫ અત્રેના જિલ્લામાં યોજાનાર છે.

સદર પરીક્ષા અન્વયે તા.૦૩/૦૨/૨૦૨૫ના રોજ માન. કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને પરીક્ષા સમિતિની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. કાર્યવાહી નોંધમાં દર્શાવેલ આપને લાગુ પડતી તમામ સૂચનાઓનું શબ્દશઃ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ. સુરત

**બિડાણ:** કાર્યવાહી નોંધની નકલ

**નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:**

ઝોનલ અધિકારીશ્રી તમામ, ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ પરીક્ષા ધોરણ-૧૦,

ઝોનલ અધિકારીશ્રી તમામ, ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ પરીક્ષા ધોરણ-૧૨(સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ),

ઝોનલ અધિકારીશ્રી તમામ, ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ પરીક્ષા ધોરણ-૧૨વિજ્ઞાન પ્રવાહ પ્રાયોગિક પરીક્ષા

ઝોનલ અધિકારીશ્રી તમામ, ગુજકેટ પરીક્ષા-૨૦૨૫,

# જિલ્લા પરીક્ષા સમિતિ, સુરતની બેઠકની કાર્યવાહી નોંધ

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૨ના ઠરાવ ક્રમાંકઃ મશબ-૨૦૦૧-૧૯૨૧-છ અન્વયે રચાયેલ જિલ્લા પરીક્ષા સમિતિ, સુરતની બેઠક તા. ૦૩/૦૨/૨૦૨૫ના રોજ બપોરે ૧૬:૦૦ કલાકે માન. કલેકટરશ્રી, સુરતના અધ્યક્ષસ્થાને સભાખંડ, કલેકટર કચેરી ખાતે યોજાઈ. સદર બેઠકમાં નીચે દર્શાવ્યા મુજબના અધિકારી/પદાધિકારી/કર્મચારી/પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ.

| ક્રમ | અધિકારી/પદાધિકારી/કર્મચારી/પ્રતિનિધિ | પરીક્ષા સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. કલેકટરશ્રી, સુરત | અધ્યક્ષશ્રી |
| ૨ | પોલીસ કમિશ્નરશ્રી, સુરતના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| ૩ | પોલીસ અધિક્ષકશ્રી, સુરતના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| ૪ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત | સભ્ય સચિવશ્રી |
| ૫ | જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પચાયત, સુરતના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૬ | રાજ્ય/રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૭ | માન્ય સંઘના પ્રમુખશ્રીઓ | સભ્યશ્રી |
| ૮ | માન્ય સંઘના મંત્રીશ્રીઓ | સભ્યશ્રી |
| ૯ | પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, સુરત | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૦ | આર. એમ.ઓ. શ્રી, સ્મીમેર હોસ્પિટલ, સુરત | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૧ | એમ.ઓ. ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૨ | નાયબ ઈજનેરશ્રી, ડી.જી.વી.સી.એલ., સુરત શહેર સર્કલ, | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૩ | નાયબ ઈજનેરશ્રી, ડી.જી.વી.સી.એલ, સુરત ગ્રામ્ય | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૪ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,સુરતના પ્રતિનિધિ આર.એમ.ઓ.શ્રી | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૫ | પી.આર.ઓ.શ્રી, ટોરન્ટ પાવર, સુરત | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૬ | વિભાગીય મેનેજરશ્રી, જી.એસ.આર.ટી.સી., સુરતના પ્રતિનિધિશ્રી | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૭ | શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૮ | SSC/HSC માર્ચ-૨૦૨૪ની બોર્ડ પરીક્ષાના ઝોનલ અધિકારીશ્રીઓ તમામ | આમંત્રિત સભ્યશ્રી |
| ૧૯ | SSC/HSCની બોર્ડ પરીક્ષાના સીસીટીવી વ્યુઇન્ગ સ્ટાફ | આમંત્રિત સભ્યશ્રી |

બેઠકની શરૂઆત સભ્ય સચિવશ્રીએ માન. અધ્યક્ષશ્રીની અનુમતી લઈને કરી. તથા ઉપસ્થિત સૌને આવકાર્યા.

- સભ્ય સચિવશ્રીએ SSC/HSC ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ની પરીક્ષાના કાર્યક્રમ અને સુરત શહેર અને જિલ્લામાં નક્કી કરેલા ઝોન તથા તે અંતર્ગત આવતા પરીક્ષા કેન્દ્રોની વિગતવાર માહિતી આપી અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા અંગેની પણ માહિતી આપી.
- ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી. બસ સમયસર સેવા પૂરી પાડે તેવું આગોતરું આયોજન કરવું તથા ગ્રામ્ય વિસ્તારની શાળાઓના આચાર્યશ્રીઓએ શાળાના કેટલા વિદ્યાર્થીઓ ક્યાં પરીક્ષા સ્થળ પર પરીક્ષા આપનાર છે તે અંગેની યાદી તૈયાર કરી વિભાગીય મેનેજરશ્રીને આપવી જેથી બસના રૂટનું સમયસર આયોજન કરી શકાય.

(અમલઃ આચાર્યશ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,જી. એસ.આર. ટી. સી., સુરત ડીવીઝન)

- બારકોડ આધારિત લોકેશન સાથેની દરેક પરીક્ષા કેન્દ્રોની યાદી પરીક્ષા પૂર્વે દરેક શાળાઓ મારફત વિદ્યાર્થીઓ સુધી પહોચે તે અંગેની વ્યવસ્થા કરવી.

**(અમલ: ઝોનલ અધિકારીશ્રી)**

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા સ્થળો પર વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની ઓબ્ઝર્વર તરીકે જિલ્લા કક્ષાએ નિમણુંક કરવી.

**(અમલ: મેજીસ્ટ્રેટ શાખા, કલેકટરશ્રીની કચેરી, સુરત)**

- પરીક્ષા બિલ્ડીંગ, બ્લોક, ફર્નીચર વગેરે અનુષંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરવી તથા તે અંગે ઝોનલ અધિકારીશ્રીએ ચકાસણી કરવી.

**(અમલ: પરીક્ષા સ્થળ સંચાલકશ્રી, ઝોનલ અધિકારીશ્રી)**

- પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે પરીક્ષા સ્થળ સંચાલકશ્રીઓની તાલીમનું આયોજન કરી પરીક્ષા દરમિયાન રાખવાની કાળજી અંગે માર્ગદર્શન આપવું.

**(અમલ: ઝોનલ અધિકારીશ્રી)**

- પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી જાહેરનામાં બહાર પાડવા તથા પરીક્ષા સ્થળો પર હથિયારધારી પોલીસ ગાર્ડ રાખવા.

**(અમલ: પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ કમિશનરશ્રી)**

- પરીક્ષા દરમિયાન અવિરત વીજ પુરવઠો ઉપલબ્ધ રહે તે માટે આગોતરું આયોજન કરવું.

**(અમલ: ડી.જી.વી.સી.એલ. અને ટોરન્ટ પાવર)**

- પરીક્ષા સ્થળો સુધી ઝોનલ કચેરી ખાતેથી સાહિત્ય સમયસર પહોચાડવા માટે મેટ્રો રેલ પ્રોજેક્ટ ના કારણે તથા અન્ય કારણે થતી ટ્રાફિક નિવારવા અંગે આયોજન કરવું

**(અમલ: ટ્રાફિક સેલ સુરત શહેર, મેટ્રો રેલ પ્રોજેક્ટ, સુરત)**

- SMC દ્વારા ગટર અને રોડ રસ્તાના રીપેરીંગ કામોના કારણે પરીક્ષા સ્થળો સુધી સમયસર સાહિત્ય પહોચાડવા તથા વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા સ્થળ સુધી સમયસર પહોચવામાં મુશ્કેલી ન પડે તે અંગે વ્યવસ્થાપન કરવું. **(અમલ: કાર્યપાલક ઈજનેરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત)**
- પરીક્ષા સ્થળો પર પ્રાથમિક આરોગ્ય સુવિધા માટે આરોગ્ય ટીમની વ્યવસ્થા કરવી.

**(અમલ: મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી, સિવિલ હોસ્પિટલ/સ્મીમેર હોસ્પિટલ/આરોગ્ય શાખા જિલ્લા પંચાયત/આરોગ્ય શાખા સુરત મહાનગર પાલિકા)**

- પરીક્ષા સમિતિના સભ્યોની રજૂઆતને ધ્યાને લઈ SSC/HSC ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને બિન જરૂરી રીતે બૂટ મોજા કઢાવી પરીક્ષા કેન્દ્રમાં ભયનું વાતવરણ ન ફેલાય અને વિદ્યાર્થીઓ મુક્તપણે પરીક્ષા આપી શકે તેવી તમામ કેન્દ્ર સંચાલકશ્રીએ તકેદારી રાખવાની રહેશે તેવું સમિતિએ નક્કી કર્યું.

**(અમલ: ઝોનલ અધિકારીશ્રી મારફત તમામ સ્થળ સચાલકશ્રીઓને સૂચના આપવી)**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા શાસનાધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત એ પરીક્ષામાં જરૂરિયાત મુજબના સરકારી પ્રતિનીધી પુરા પાડવા.

**(અમલ: જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત)**

- શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના પરીક્ષા સ્થળોની યાદી તૈયાર કરવી.

**(અમલ: ઝોનલ અધિકારી)**

- પરીક્ષાખંડમાં મોબાઈલ કે અન્ય ઇલેક્ટ્રિક ગેજેટ રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય, આ બાબતે તમામ સ્થળ સંચાલકશ્રીને માર્ગદર્શિત કરવા.

**(અમલ: ખંડ નિરીક્ષકશ્રી, સ્થળ સંચાલકશ્રી, ઝોનલ અધિકારીશ્રી)**

- જિલ્લા કંટ્રોલરૂમની વ્યવસ્થા ઉભી કરવી. જે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓને અને વાલીઓને યોગ્ય માહિતી આપી શકે.

**(અમલ: જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)**

- સ્થળ સંચાલકો દ્વારા પરીક્ષાના અંતે પરીક્ષાનું સમગ્ર CCTV કવરેજ DVD મારફત રજુ કરવામાં આવે છે. જે ખુબજ ખર્ચાળ અને વર્તમાન સમયમાં જૂની સિસ્ટમ ગણાતી હોય, આ માટે કલાઉડ બેજ CCTV ફૂટેજ રજુ કરી શકાય તેવી વ્યવસ્થા કરવા સૂચન રજુ થયા.

- પરીક્ષા સમિતિ બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા તૈયાર કરાયેલ "પરીક્ષાસાથી સાથે પરિક્ષા પે ચર્ચા-૨૦૨૫" હેલ્પલાઇન પુસ્તિકાનું વિમોચન પરીક્ષા સમિતિ દ્વારા કરાયું. સદર પુસ્તિકામાં ધોરણ-૧૦ તથા ૧૨ તજજ્ઞ શિક્ષકશ્રીઓના નામ તથા મોબાઈલ નંબરની યાદી તૈયાર કરેલ છે. ધોરણ-૧૦ તથા ૧૨ના સમગ્ર જિલ્લા વિદ્યાર્થીઓ આ હેલ્પલાઇનનો ઉપયોગ માર્ગદર્શન અર્થે તા.૧૦/03/૨૦૨૫ સુધી કરી શકશે.

બેઠકના અંતમાં માન. અધ્યક્ષશ્રીએ સુરત જિલ્લામાં એક પણ પરીક્ષા કેન્દ્ર સંવેદનશીલ ન હોવા બાબતે અને "પરીક્ષાસાથી સાથે પરિક્ષા પે ચર્ચા-૨૦૨૫" હેલ્પલાઇન પુસ્તિકા તૈયાર કરવા બદલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તથા પરીક્ષા સાથે સંકળાયેલ તમામ શાળાઓને અભિનંદન પાઠવ્યા. સભ્ય સચિવશ્રીએ સૌનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરી.

સભ્ય સચિવ
જિલ્લા પરીક્ષા સમિતિ
અને
જિલ્લા શિક્ષણાધિકારી
જિ.સુરત

અધ્યક્ષ
જિલ્લા પરીક્ષા સમિતિ
અને
કલેકટર, સુરત
જિ.સુરત